પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૫ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦, સોમવાર; મહા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# 'મફલરમેન'ની મુખ્યમંત્રી તરીકે હેટ્રિક

**સતત ત્રીજી વખત કેજરીવાલે મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કર્યા : મુખ્યમંત્રી કેજરીવાલ સહિત છ કેબિનેટ મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા : દિલ્હીના લોકોએ બદલી દેશની રાજનીતિ : આ મારી નહી, દિલ્હીના લોકોની જીત છે : મારા વિરોધીઓએ મને જે કંઈ પણ કહ્યું તેના માટે હું તેમને માફ કરું છું**



ન્યુ દિલ્હી,તા.૧૬

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે ત્રીજી વખત દિલ્હીના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીના ૧૧ ફેબ્રુઆરીએ જાહેર થયેલા પરિણામમાં આપનો ૬૨ બેઠકો પર પ્રચંડ વિજય થયો હતો. દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાયેલા ભવ્ય શપથવિધિ સમારોહમાં લેફ્ટનન્ટ ગર્વનર અનિલ બૈજલે કેજરીવાલ તેમજ મનિષ સિસોદિયા, ગોપાલ રાય, કૈલાશ ગહેલોત, ઈમરાન હુસૈન સહિતના કેબિનેટ મંત્રીઓએ પદ તેમજ ગોપનિયતાના શપથ ગ્રહણ કરાવ્યા છે.

અરવિંદ કેજરીવાલે ભારત માતાની જય, વંદે માતરમ સાથે તેમના સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે, આ મારી નહીં દિલ્હીની જનતાની જીત છે. વોટ આપનારા, નહીં આપનારા બન્નેનો મુખ્યમંત્રી છું. હું દિલ્હીની જનતાના જીવનમાં ખુશી લાવવાનો પ્રયાસ કરીશ.

શપથ લીધા પછી કેજરીવાલે કહ્યું કે, આજે તમારો દીકરાએ ત્રીજી વખત મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. આ મારી નહીં પણ તમારી જીત છે. દિલ્હીની જનતાની જીત છે. દરેક માતા-બહેનોની જીત છે. છેલ્લા પાંચ વર્ષોમાં અમારો પ્રયાસ રહ્યો છે કે દિલ્હીના દરેક પરિવારના જીવનમાં ખુશી આવી શકે. દિલ્હીનો ઝડપથી વિકાસ થઈ શકે અને આગામી પાંચ વર્ષ પણ આ પ્રયાસ ચાલું રહેશે. ચૂંટણીમાં ઘણા લોકોએ આપ,બીજેપી અને કોંગ્રેસને વોટ આપ્યો હતો. પરંતુ મેં આજે શપથ લીધા છે તો બધાનો મુખ્યમંત્રી છું. હું ભાજપ અને

● અનુસંધાન પાન-૭ પર

## ભવિષ્યમાં મહારાષ્ટ્રમાં કોઈની સાથે ગઠબંધન નહિ થાયઃ નડ્ડા

**ત્રણ પૈડાવાળી ઓટોરિક્ષા વધારે સમય ચાલશે નહિ**



મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રમાં ફરી એકવાર રાજકીય નિવેદન તીવ્ર બન્યા છે. જે રીતે ભાજપનાં નેતાઓ સતત નિવેદનો આપી રહ્યા છે કે રાજ્યમાં શિવસેના-કોંગ્રેસ અને એનસીપી સરકારો લાંબા સમય સુધી ચાલશે નહીં, તે ત્રણ પૈડાવાળી ઓટોરિક્ષા છે અને ભાજપ તેની સામે ઓપરેશન કમળ શરૂ કરશે, તે પછી ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાએ મોટું નિવેદન આપ્યું છે. જેપી નડ્ડાએ સ્પષ્ટ કર્યું છે કે ભવિષ્યમાં રાજ્યમાં કોઈની સાથે ગઠબંધન નહીં થાય.

નડ્ડાએ કહ્યું કે, હું તમને ખાતરી આપવા માંગું છું કે ભવિષ્યમાં અમારે કોઈની સાથે ગઠબંધન રાખવાની જરૂર નથી. આગામી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ તમામ પક્ષો હશે. હું જોઈ શકું છું કે આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ક્લીન સ્વીપ કરશે. જણાવી દઈએ કે, ઓપરેશન કમળ વિશે જે રીતે નિવેદન ચાલી રહ્યું હતું, તે પછી મહારાષ્ટ્રનાં મુખ્ય પ્રધાન, ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, જો ભાજપની અંદર હિંમત છે, તો રાજ્ય સરકારને પાડીને બતાવે.

## બજેટ સત્રમાં ટીએમસી સાંસદ ડેરેક ઓ બ્રાયને સૌથી વધુ પ્રશ્નો પૂછ્યા

ન્યુ દિલ્હી,તા.૧૬

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના સાંસદ ડેરેક ઓ બ્રાયને રાજ્યસભામાં બજેટ સત્રના પ્રથમ ભાગમાં સૌથી વધુ ૧૮ પ્રશ્નો પૂછ્યા હતા. રાજ્યસભા સચિવાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે ઉપલા ગૃહના કુલ ૧૧૮ સભ્યોએ વિવિધ મુદ્દે સરકાર પાસે લેખિત જવાબની માગ સાથે કુલ ૧૧૨૦ અતારાંકિત પ્રશ્નો કર્યા હતા.

મંગળવારે સંપન્ન થયેલા સત્રના પ્રથમ હિસ્સાના સાત દિવસમાંથી દરરોડ ૧૬૦ અતારાંકિત પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા. ડેરેક ઓ બ્રાયન બાદ વાયએસઆરસીપીના વેમીરેડ્ડી પ્રભાકરે ૧૭ અને અપક્ષ સાંસદ પરિમલ નથવાણીએ ૧૬ સવાલો પૂછ્યા હતા. જ્યારે ભાજપના કે જે અલફોન્સ, કોંગ્રેસના કુમારી શૈલજા અને કે ટી સુબ્બારામી રેડ્ડી સહિત ૧૦ સભ્યોમાંથી દરેકે ૧૫-૧૫ સવાલો પૂછ્યા હતા.

## પર્યાવરણ માટે ૨૦૨૦નું વર્ષ સર્વશ્રેષ્ઠ પુરવાર થશે

**ભારત અને નોર્વે દરિયાઇ પ્લાસ્ટિકના કચરા અને માઇક્રો પ્લાસ્ટિકને લઘુત્તમ કરી દેવા સાથે રહેશે : પ્રકાશ જાવડેકર**

અમદાવાદ,તા.૧૬

ગાંધીનગરમાં ૧૭-૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૦ સુધી સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (યુએનઈપી)નાં નેજા હેઠળ વિચરતી પ્રજાતિઓનાં સંરક્ષણ (સીએમએસ)ની પર્યાવરણલક્ષી સંધિ પર ૧૩મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (સીઓપી)નું આયોજન કરીને જૈવવિવિધતાનાં શ્રેષ્ઠ વર્ષની ઉજવણી શરૂ થઈ ગઈ છે. અહીં પત્રકાર પરિષદને સંબોધન કરતાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૦ પર્યાવરણ માટેનું સુપર યર (શ્રેષ્ઠ વર્ષ) છે તથા આ વર્ષ આગામી દાયકા માટેની કામગીરી નિર્ધારિત કરશે. દરિયાઈ પ્લાસ્ટિક કચરો, પ્લાસ્ટિકનું પ્રદૂષણ અને માઈક્રોપ્લાસ્ટિક સહિત આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય મુદ્દાઓ પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂરિયાત જણાવીને કેન્દ્રીય મંત્રીએ કહ્યુ હતુ કે, આ સમસ્યાઓનું સમાધાન કોઈ પણ દેશ એકલા હાથે ન કરી શકે. સીઓપીની સાથે સાથે જાવડેકરે નોર્વેનાં આબોહવા અને પર્યાવરણ મંત્રી સ્વેઈનુંગ રોતેવાનનાં નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળને મળ્યાં હતાં. ભારત અને નોર્વે આજે દરિયાઓ, પર્યાવરણ અને આબોહવા સાથે સંબંધિત સમસ્યાઓનું સમાધાન સંયુક્તપણે હાથ ધરવા સંમત થયા હતા. આ સંયુક્ત નિવેદન અંતર્ગત આબો હવા અને પર્યાવરણ ઉપર ઝડપી કામગીરી થશે, હાઈડ્રોફ્લોરો કાર્બનનો ઉપયોગ તબક્કાવાર ઘટાડાશે, મોન્ટ્રીયલ સમજુતી સાથે સંબંધિત કિંગાલી સશોધનની સાર્વત્રિક સમજુતીને અમલી બનાવાશે, બ્લુ ઈકોનોમી પર સંયુકત કાર્યદળની રચના થશે.

## ફિલ્મફેર અવૉર્ડમાં ગલીબોયે ૧૦ એવોર્ડ પોતાના નામે કર્યા

**શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ અભિનેતા, અભિનેત્રીનો એવોર્ડ : રણવીરસિંહ અને આલિયા ભટ્ટ સર્વશ્રેષ્ઠ અભિનેતા અને અભિનેત્રી ઘોષિત**



ગુવાહાટી, તા. ૧૬

૬૫માં એમેઝોન ફિલ્મફેર એવોર્ડની જાહેરાત કરી દેવામાં આવી છે. અલબત્ત ચાહકોને આ કાર્યક્રમ રવિવારના દિવસે જોવા મળ્યો હતો પરંતુ ફિલ્મમાં એવોર્ડની જાહેરાત શનિવારે વિધિવતરીતે કરવામાં આવી હતી. આ વખતે રણવીરસિંહની ગલીબોય ફિલ્મ છવાયેલી રહી હતી. આ ફિલ્મે એક સાથે અનેક એવોર્ડ જીતી લીધા હતા. અનેક કલાકારોએ જોરદાર પરફોર્મ કરીને તમામને રોમાંચિત કરી દીધા હતા. આ વખતના એવોર્ડ કાર્યક્રમમાં રણવીરસિંહ અને આલિયા ભટ્ટની ગલીબોય છવાયેલી રહી હતી. ગલીબોય ફિલ્મે ૧૩ કેટેગરીમાં નોમિનેશન મેળવ્યા બાદ ૧૦ એવોર્ડ પોતાના નામ ઉપર કરીને સપાટો બોલાવ્યો હતો. આ ફિલ્મને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો જ્યારે આ ફિલ્મમાં ભૂમિકા બદલ આલિયા ભટ્ટ અને રણવીરસિંહને ક્રમશઃ શ્રેષ્ઠ અભિનેત્રી અને શ્રેષ્ઠ અભિનેતાના એવોર્ડ મળ્યા હતા. ગુવાહાટીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં આયોજિત આ કાર્યક્રમમાં તમામ કલાકારોએ જોરદાર રંગત જમાવી હતી. કાર્યક્રમને રંગીન બનાવવા માટે સેલિબ્રિટીઓએ કોઈ કમી રાખી ન હતી. ફિલ્મફેરના મંચ ઉપર અક્ષયકુમારથી લઈને કાર્તિક આર્યન અને રણવીરસિંહ જેવા કલાકારોએ જોરદાર પરફોર્મ આપીને રોમાંચકતા જગાવી હતી. બીજી બાજુ માધુરી દિક્ષીતથી લઈને આલિયા ભટ્ટ સુધીની અભિનેત્રીઓએ પણ કાર્યક્રમમાં ચારચાંદ લગાવ્યા હતા. જો કે, આ કાર્યક્રમમાં આ વખતે ગલીબોય છવાયેલી રહી હતી. ફિલ્મ માટે શ્રેષ્ઠ ડિરેક્ટરનો એવોર્ડ જોયા અખ્તરે જીતી લીધો હતો. ફિલ્મના અનેક એવોર્ડ ગલીબોયને મળ્યા હતા.

## સીએએ મામલે સરકાર મક્કમ : મોદી

**સીએએ અને કલમ ૩૭૦ ઉપર પીછેહઠ કોઇ કિંમતે નહીં : મહાકાલના આશીર્વાદથી અમે એવા ઘણા નિર્ણય લેવામાં સક્ષમ રહ્યા છીએ જે લાંબા સમયથી અટવાયેલા હતા : ઉગ્ર પ્રદર્શન કરનારાઓને મોદીની સ્પષ્ટ ચેતવણી : વારાણસી પહોંચેલા મોદીએ ૧૨૦૦ કરોડની ભેંટ સોગાદો આપી**

વારાણસી,તા. ૧૬

નાગરિક સુધારા કાનૂન સીએએ પર મચેલા રાજકીય ઘમસાણ અને શાહીનબાગ સહિત દેશના જુદા જુદા ભાગોમાં જારી વિરોધ પ્રદર્શન વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, નાગરિક સુધારા કાનૂન અને કલમ ૩૭૦ના નિર્ણય ઉપર સરકાર મક્કમ છે અને હંમેશા રહેશે. આ નિર્ણયો ઉપર પીછેહઠ કરવાનો કોઈ પ્રશ્ન નથી. તેમણે કહ્યું હતું કે, તમામ પ્રકારના દબાણો છતાં તેમની સરકારે આ ખુબ જ સાહસી નિર્ણયો લઈ બતાવ્યા છે. ઉત્તરપ્રદેશના જુદા જુદા કાર્યક્રમોમાં મોદી આજે પહોંચ્યા હતા અને હજારો કરોડ રૂપિયાની વિકાસ યોજનાઓની ભેંટ રાજ્યના લોકોને આપી હતી. બીજી વખત વડાપ્રધાન બન્યા બાદ પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસીના બીજા પ્રવાસે પહોંચેલા મોદીએ ૧૨૦૦ કરોડ રૂપિયાની ભેંટ આપ્યા બાદ કહ્યું હતું કે, નાગરિક સુધારા કાનૂન અને કલમ ૩૭૦ જરૂરી હતી છતાં પણ તમામ વિવાદ વચ્ચે અમે આ નિર્ણયો લઈ શક્યા હતા. આ પ્રકારના નિર્ણયો આગળ પણ જારી રાખવામાં આવશે. આ નિર્ણય ઉપર સરકાર મક્કમ છે. ચંદોલીમાં દિનદયાળ ઉપાધ્યાયની ૬૩ ફૂટ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સીએએનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, મહાકાલના આશીર્વાદથી અમે એવા સક્ષમ નિર્ણયો લઈ શક્યા છે જે લાંબા સમય સુધી રોકાયેલા હતા. કલમ ૩૭૦ હોય કે સીએએ હોય અમે દબાણ બાદ પણ આવા નિર્ણય લઈ શક્યા છે. મહાકાલના આશીર્વાદથી લેવામાં આવેલા નિર્ણયો પર સરકાર મક્કમ રહેશે. તમામ વિરોધ પ્રદર્શન છતાં ગૃહમંત્રી અમિત શાહ વારંવાર કહી ચુક્યા છે કે, સરકાર આ મુદ્દા પર પીઠેહઠ કરશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે, એક પછી એક કઠોર નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. બીજી વખત વડાપ્રધાન બન્યા



બાદ વારાણસી પહોંચેલા મોદી સેવ સમુદાય સાથે જોડાયેલા જગમવાડી મઠ પહોંચ્યા હતા. ચંદોલીના ક્ષેત્રમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. ૧૨૦૦ કરોડ રૂપિયાની યોજનાઓના લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા હતા. કાશીથી મહાકાલેશ્વર અને ઓંકારેશ્વરને જોડનાર કાશી મહાકાલ એક્સપ્રેસને લીલીજંડી આપી હતી. તેમણે કહ્યું કે શિક્ષણ, આરોગ્ય, પ્રવાસ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા આ કાર્યો માટે તેઓ વારાણસી અને પૂર્વાંચલના લોકોને અભિનંદન આપે છે. છેલ્લા કેટલાક વર્ષમાં વારાણસીમાં ૨૫૦૦૦ કરોડ રૂપિયાની યોજનાઓ પુરી થઈ ચુકી છે અથવા તો કામ જારી છે. આ તમામ મહાદેવની ઈચ્છા છે. બાબા ભોલેના આશીર્વાદ છે.

## ૩૫૦૦૦ જવાનોના બલિદાનને દિલથી નમન : અમિત શાહ

**દિલ્હી પોલીસના ૭૩માં સ્થાપના દિવસના કાર્યક્રમમા સંબોધન**

ન્યુ દિલ્હી,તા.૧૬

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત કહ્યુ કે હું લોકોને વિનંતી કરૂ છુ કે જ્યારે પણ આપ દિલ્હી જાઓ તો



શાહ દિલ્હી પોલીસના ૭૩માં સ્થાપના દિવસના કાર્યક્રમમા સામેલ થયા છે.

આ દરમિયાન અમિત શાહે પોતાના રાષ્ટ્ર માટે બલિદાન આપનારા ૩૫૦૦૦ પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે પોલીસ સ્મારકની જરૂર મુલાકાત લો. તેમણે કહ્યુ કે દેશની આઝાદી બાદ પોલીસના આ જવાનોએ પોતાનું સર્વોચ્ચ બલિદાન દેશની સુરક્ષા અને દેશની કાયદા વ્યવસ્થાને જાળવી રાખવા માટે આપ્યુ છે.

અમિત શાહે કહ્યુ કે આપણી માટે અનેક તહેવાર હોય છે પરંતુ પોલીસ માટે દરેક તહેવાર પોતાની જવાબદારીનુ પાલન કરવાની તક હોય છે. આટલી જવાબદારી સાથે જે પોતાના કર્તવ્યોનું પાલન કરે છે તેમનું સન્માન દેશના દરેક નાગરિકના હૃદયમાં હોવુ જોઈએ.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે આપણે સમજવુ જોઈએ કે પોલીસ આપણી સુરક્ષા માટે છે.

## ઈરાકમાં બગદાદ સ્થિત અમેરિકી દૂતાવાસ પાસે રોકેટ હુમલો

બગદાદ,તા.૧૬

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ અત્યાર સુધી ખતમ થયો નથી. તણાવ વચ્ચે જ એકવાર ફરી ઈરાકની રાજધાની બગદાદ સ્થિત અમેરિકી દૂતાવાસ પર રોકેટથી હુમલો કરવામાં આવ્યો છે. આ વાતની પુષ્ટિ અમેરિકી સેના સાથે જોડાયેલા સૂત્રોએ કરી છે.

ગત વર્ષે ઓક્ટોબર ૨૦૧૯થી લઈને અત્યાર સુધી સતત ૧૯મો હુમલો છે. જે વિસ્તારમાં રોકેટ દાગવામાં આવ્યા છે ત્યાં કેટલાક એરક્રાફ્ટ જોવામાં આવ્યા છે. આ હુમલો ગ્રીન ઝોનમાં થયો છે, જ્યાં કેટલાક તમામ સરકારી ભવન છે.

આ જગ્યા પર કેટલાક દેશોના દૂતાવાસ પણ છે. ૧૩ ફેબ્રુઆરીએ ઈરાને અમેરિકાને ધમકી આપી હતી કે ઈરાન અમેરિકા અને ઈઝરાયલ પર હુમલો કરશે. માનવામાં આવી રહ્યુ છે કે ઈરાન એવા હુમલા કરીને અમેરિકા પર દબાણ બનાવી રહ્યુ છે.

ચાર ધામ જતા પહેલા ચાર ધામ વિશે જાણો...
ચાર ધામ યાત્રા
12 દિવસ /11 રાત્રી
₹19999 5% GST એક્સ્ટ્રા
યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ
સ્વાદિષ્ટ ગુજરાતી, પંજાબી ભોજન • રહેવાની ઉત્તમ સુવિધા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225